# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

DOI: https://doi.org/10.63345/ijrsml.v14.i6.2

ડૉ. મીના હરદાસભાઈ રાઠોડ,
આસિસ્ટન્ટ પ્રોફેસર,
આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ, ગુજરાત

સારાંશ: પ્રસ્તુત અભ્યાસ પેપરમાં અભ્યાસક દ્વારા માધ્યમિક શાળાઓમાં ધોરણ-9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કેટલાક ચલોના સંદર્ભમાં જાણવાનો હતો. અભ્યાસના હેતુઓ આ મુજબ હતા: 1. ધોરણ 9નાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવી. 2. ધોરણ 9નાં વિદ્યાર્થીઓની સમસ્યાઓનો વિદ્યાર્થીઓની જાતિનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.3. ધોરણ 9નાં વિદ્યાર્થીઓની સમસ્યાઓનો વિદ્યાર્થીઓનાં વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ કરવો. આણંદ તાલુકાની ગુજરાતી માધ્યમની ગ્રાન્ટ-ઈન-એઇડ માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન ધોરણ-9માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતાં. આણંદ તાલુકાની શહેરી વિસ્તારની શારદા હાઈસ્કૂલ, આણંદ અને ગ્રામ્ય વિસ્તારની શ્રીમતી ડી. એસ. પટેલ હાઈસ્કૂલ, વલાસણની પસંદગી ચિઠ્ઠી પદ્ધતિથી યાદૃચ્છિક રીતે કરાઈ હતી. આ સ્કૂલના ધોરણ 9 નાં 50-50 વિદ્યાર્થીઓને ઝૂમખાં પસંદગી પદ્ધતિથી નમૂનામાં સમાવાયા હતા. માહિતી પૃથક્કરણ માટે અભ્યાસકે સરાસરી, પ્રમાણિત વિચલન અને t-મૂલ્ય જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિની મદદથી ગણતરી કરી હતી. અભ્યાસના તારણો આ મુજબ હતા. 1. માધ્યમિક શાળાઓના કુમાર અને કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. 2. માધ્યમિક શાળાઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે. 3. માધ્યમિક શાળાઓના શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે. 4. માધ્યમિક શાળાઓના ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. 5. માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારોએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. 6. માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

ચાવીરૂપ શબ્દો: વિદ્યાર્થીઓની સમસ્યાઓ, માધ્યમિક શાળા, ધોરણ-9નાં વિદ્યાર્થીઓ, ગ્રામ્ય શાળા, શહેરી શાળા

## 1. પ્રસ્તાવના

શિક્ષણ એ વ્યક્તિના સર્વાંગી વિકાસનું મહત્વનું સાધન છે. કોઈપણ રાષ્ટ્રના વિકાસ અને ઘડતર માટે અગત્યનું પરિબળ હોય તો તે શિક્ષણ છે. સમાજને ઉન્નત કરવા શિક્ષણ જ પ્રબળ સાધન છે. પરંતુ હજુ પણ આપણે શિક્ષણ ક્ષેત્રે ઘણું અંતર કાપવાનું બાકી છે. આપણા દેશની પરંપરાઓ, રીતિ-રીવાજ, સામાજિક-આર્થિક સ્થિતિ, માતા-પિતાની શૈક્ષણિક સ્તર, ગરીબી, બેકારી, વસ્તીવધારો જેવા ઘણા બધા પરિબળો બાળકની શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરે છે. વધુ ભણેલા માતા-પિતા બાળક પાસે વધુ ઊંચી સિદ્ધિની આશા રાખે છે, જ્યારે


© 2026. This article is licensed under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0).

ઓછું ભણેલા કે સાવ ન ભણેલા માતા-પિતા તેમના બાળકોના શિક્ષણ તરફ ઉદાસીન જોવા મળે છે. આવા સંજોગોમાં હરિફાઈના યુગમાં જો બાળક પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં ન આવે તો બાળકની શૈક્ષણિક સિદ્ધિ અને કારકિર્દી પર વિપરીત અસર જોવા મળે છે. દરેક વિદ્યાર્થીને પોતાની સમસ્યા હોય છે. પણ જો તે આવી સમસ્યાઓનો સામનો કરી શિક્ષણનાં ક્ષેત્રમાં ટકી રહે તો પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પણ ઉંમરના એ પડાવે હોય છે કે તેઓને સમજી તેમની સાથે વ્યવહાર કરવામાં આવે તો તેમની શૈક્ષણિક સિદ્ધિ પર હકારાત્મક અસર પેદા કરી શકાય છે. આ વિદ્યાર્થીઓને શારીરિક અને આરોગ્ય વિષયક, આર્થિક, વ્યક્તિગત,સામાજિક-કૌટુંબિક, ધાર્મિક અને નૈતિક સમસ્યાઓ હોય છે. તેથી જ દરેક શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવી જોઈએ અને તેમને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવું જોઈએ. તેથી અભ્યાસકે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે.

## 2. સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસ પેપરમાં અભ્યાસક દ્વારા માધ્યમિક શાળાઓમાં ધોરણ-9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવા સમસ્યા વિધાનની રચના નીચે મુજબ કરી હતી:

**માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ**

## 3. અભ્યાસના હેતુઓ

અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતા:

1. ધોરણ 9નાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવી.
2. ધોરણ 9નાં વિદ્યાર્થીઓની સમસ્યાઓનો વિદ્યાર્થીઓની જાતિનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. ધોરણ 9નાં વિદ્યાર્થીઓની સમસ્યાઓનો વિદ્યાર્થીઓનાં વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

## 4. અભ્યાસની ઉત્કલ્પનાઓ

અભ્યાસની ઉત્કલ્પનાઓ નીચે મુજબ જણાવી શકાય:

$HO_1$ માધ્યમિક શાળાઓના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_2$ માધ્યમિક શાળાઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે જાતિને ધ્યાને લેતા સાર્થક તફાવત નહિ હોય.

$HO_3$ માધ્યમિક શાળાઓના શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_4$ માધ્યમિક શાળાઓના ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_5$ માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારોએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_6$ ધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

## 5. અભ્યાસના ચલ

અભ્યાસમાં સમાવિષ્ટ ચલો નીચે મુજબ દર્શાવી શકાય:

**સ્વતંત્ર ચલ: જાતિ:** કુમાર, કન્યા **વિસ્તાર :** ગ્રામ્ય, શહેરી

**પરતંત્ર ચલ:** વિદ્યાર્થી સમસ્યા

**અંકુશિત ચલ:** ધોરણ-9નાં વિદ્યાર્થીઓ

## 6. અભ્યાસ ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસ વિદ્યાર્થીઓની સમસ્યાઓ પર આધારિત હોવાથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન કહી શકાય.


© 2026. This article is licensed under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0).

### 7. અભ્યાસની મર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નીચે મુજબ જણાવી શકાય:

-પ્રસ્તુત અભ્યાસ આણંદ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હતો.

-પ્રસ્તુત અભ્યાસ ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2025-2026 દરમિયાન ધોરણ 9 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હતો.

-અભ્યાસમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓનું જ માપન કરવામાં આવ્યું હતું.

### 8. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસકાર્યમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 9. વ્યાપવિશ્વ અને નિદર્શ

આણંદ તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન ધોરણ-9માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતાં. આણંદ તાલુકાની શહેરી વિસ્તારની શારદા હાઈસ્કૂલ, આણંદ અને ગ્રામ્ય વિસ્તારની શ્રીમતી ડી. એસ. પટેલ હાઈસ્કૂલ, વલાસણની પસંદગી ચિઠ્ઠી પદ્ધતિથી યાદૃચ્છિક રીતે કરાઈ હતી. આ સ્કૂલના ધોરણ 9 નાં 50-50 વિદ્યાર્થીઓને ઝૂમખાં પસંદગી પદ્ધતિથી નમૂનામાં સમાવાયા હતા. જે સારણી-1 માં ઉપલબ્ધ છે.

**સારણી-1 ચયનિત નમૂનાની વિગત**

| ક્રમ | શાળા અને શાળા વિસ્તાર | જાતિ | | કુલ |
|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | |
| 1 | શારદા હાઈસ્કૂલ, આણંદ (શહેરી) | 25 | 25 | 50 |
| 2 | શ્રીમતી ડી. એસ. પટેલ હાઈસ્કૂલ, વલાસણ (ગ્રામ્ય) | 25 | 25 | 50 |
| કુલ | | 50 | 50 | 100 |

### 10. ઉપકરણ

સંદર્ભ સાહિત્યના અભ્યાસથી કસોટીના પ્રાથમિક સ્વરૂપ વિશે માહિતી મેળવી અભ્યાસકે વિદ્યાર્થીઓની સમસ્યાઓ સંબંધિત 70 પ્રશ્નોની રચના કરી હતી. જેની સામે આપેલા ખાનામાં 'હા' અથવા 'ના' એમ બે વિકલ્પોમાંથી કોઈ એક સામે ખરાની નિશાની કરવાની હતી. દરેક હકારાત્મક કે નકારાત્મક લક્ષણ ધરાવતા પ્રશ્ન માટે ઓછામાં ઓછા શૂન્ય અને વધુમાં વધુ એક ગુણ નક્કી કરવામાં આવ્યા હતા.

### 11. માહિતી એકત્રીકરણ

માહિતી એકત્રીકરણ માટે શાળાના આચાર્યશ્રીની પૂર્વમંજૂરી મેળવી શાળાના વિદ્યાર્થીઓને વર્ગખંડમાં રૂબરૂ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. પ્રાથમિક સૂચના બાદ પ્રશ્નાવલિમાં ઉત્તર આપવા માટે 40 મિનિટનો સમય આપવામાં આવ્યો. સમય પૂર્ણ થતા ઉત્તરપત્રો અને પ્રશ્નાવલિ પરત લેવામાં આવ્યા.

### 12. માહિતી પૃથક્કરણ

માહિતી પૃથક્કરણ માટે અભ્યાસકે સરાસરી, પ્રમાણિત વિચલન અને t-મૂલ્ય જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિની મદદથી ગણતરી કરી હતી.

### 13. ઉત્કલ્પનાઓની ચકાસણી

નીચે મુજબ ઉત્કલ્પનાઓની ચકાસણી કરી હતી, જેમાં સાર્થકતા 0.05 અને 0.01 કક્ષાએ ચકાસવામાં આવી હતી.

**$HO_1$ માધ્યમિક શાળાઓના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.**

**સારણી-2** માધ્યમિક શાળાઓના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી,


© 2026. This article is licensed under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0).

પ્રમાણિત વિચલન, સરાસરી તફાવતની પ્રમાણભૂલ અને t-મૂલ્ય દર્શાવતી સારણી

| જાતિ | સંખ્યા (N) | સરાસરી Mean | SD | પ્રમાણભૂલ $SE_D$ | r | સરાસરીનો તફાવત M.D. | SED | CR | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | 50 | 260.10 | 56.00 | 7.92 | 0.87 | 2.48 | 4.05 | 0.61 | NS |
| કન્યા | 50 | 257.62 | 55.27 | 7.82 | | | | | |

ઉપરોક્ત સારણી 2 પરથી માલૂમ પડે છે કે માધ્યમિક શાળાઓના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**$HO_2$ માધ્યમિક શાળાઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે જાતિને ધ્યાને લેતા સાર્થક તફાવત નહિ હોય.**

**સારણી-3** માધ્યમિક શાળાઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલન, સરાસરી તફાવતની પ્રમાણભૂલ અને t-મૂલ્ય દર્શાવતી સારણી

| વિસ્તાર | સંખ્યા (N) | સરાસરી Mean | SD | પ્રમાણભૂલ $SE_D$ | r | સરાસરીનો તફાવત M.D. | SED | CR | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શહેરી | 50 | 263.72 | 53.88 | 7.62 | 0.86 | 9.72 | 4.11 | 2.36 | Sig. 0.05 level |
| ગ્રામ્ય | 50 | 254.00 | 56.95 | 8.05 | | | | | |

ઉપરોક્ત સારણી 3 પરથી માલૂમ પડે છે કે માધ્યમિક શાળાઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

**$HO_3$ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય**

. **સારણી-4** માધ્યમિક શાળાઓના શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલન, સરાસરી તફાવતની પ્રમાણભૂલ અને t-મૂલ્ય દર્શાવતી સારણી

| શહેરી | સંખ્યા (N) | સરાસરી Mean | SD | પ્રમાણભૂલ $SE_D$ | r | સરાસરીનો તફાવત M.D. | SED | CR | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | 25 | 266.16 | 54.06 | 10.81 | 0.98 | 4.88 | 2.00 | 2.44 | Sig. 0.05 level |
| કન્યા | 25 | 261.28 | 55.79 | 11.16 | | | | | |

ઉપરોક્ત સારણી 4 પરથી માલૂમ પડે છે કે માધ્યમિક શાળાઓના શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

**$HO_4$ માધ્યમિક શાળાઓના ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.**

**સારણી-5** માધ્યમિક શાળાઓના ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલન, સરાસરી તફાવતની પ્રમાણભૂલ અને t-મૂલ્ય દર્શાવતી સારણી

| ગ્રામ્ય | સંખ્યા (N) | સરાસરી Mean | SD | પ્રમાણભૂલ $SE_D$ | r | સરાસરીનો તફાવત M.D. | SED | CR | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુ | 25 | 254.04 | 59.46 | 11.89 | 0.76 | 0.08 | 7.99 | 0.01 | NS |


© 2026. This article is licensed under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0).

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માર | | | | | | | | | |
| કન્યા | 25 | 253.96 | 56.77 | 11.35 | | | | | |

ઉપરોક્ત સારણી 5 પરથી માલૂમ પડે છે કે માધ્યમિક શાળાઓના ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**$HO_5$ માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારોએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.**

**સારણી-6** માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારોએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલન, સરાસરી તફાવતની પ્રમાણભૂલ અને t-મૂલ્ય દર્શાવતી સારણી

| કુમાર | સંખ્યા (N) | સરાસરી Mean | SD | પ્રમાણભૂલ $SE_D$ | r | સરાસરીનો તફાવત M.D. | SED | CR | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | 25 | 254.04 | 59.46 | 11.89 | 0.73 | 12.12 | 8.34 | 1.45 | NS |
| શહેરી | 25 | 266.16 | 54.06 | 10.81 | | | | | |

ઉપરોક્ત સારણી 6 પરથી માલૂમ પડે છે કે માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારોએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**$HO_6$ માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.**

**સારણી-7** માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલન, સરાસરી તફાવતની પ્રમાણભૂલ અને t-મૂલ્ય દર્શાવતી સારણી

| કન્યા | સંખ્યા (N) | સરાસરી Mean | SD | પ્રમાણભૂલ $SE_D$ | r | સરાસરીનો તફાવત M.D. | SED | CR | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | 25 | 253.96 | 56.77 | 11.35 | 0.01 | 7.32 | 0.68 | 10.76 | Sig. 0.01 level |
| શહેરી | 25 | 261.28 | 55.79 | 11.16 | | | | | |

ઉપરોક્ત સારણી 7 પરથી માલૂમ પડે છે કે માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓએ વિદ્યાર્થી સમસ્યા પ્રશ્નાવલિ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

## 14. અભ્યાસના તારણો

1. માધ્યમિક શાળાઓના કુમાર અને કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી
2. માધ્યમિક શાળાઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.
3. માધ્યમિક શાળાઓના શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.
4. માધ્યમિક શાળાઓના ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.
5. માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારોએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.


© 2026. This article is licensed under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0).

6. માધ્યમિક શાળાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

**સંદર્ભસૂચિ**


1. **પટેલ, આર.એસ.** (2009). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ. (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ: જય પબ્લીકેશન, ગુજરાત રાજ્ય
2. **શાહ, ડી.બી.** (2004). શૈક્ષણિક સંશોધન. (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
3. **શુક્લ, સતીશપ્રકાશ એસ.** (2010-11). શૈક્ષણિક મનોવિજ્ઞાન(પ્રથમ આવૃત્તિ). આગ્રા:અગ્રવાલ પ્રકાશન
4. **શુક્લ, સતીશપ્રકાશ એસ.** (2017). એક્સેલ અને પ્રદત્ત વિશ્લેષણ (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ:ક્ષિતી પબ્લિકેશન્સ
5. **દેસાઈ, એસ.જી. અને કે.જી.દેસાઈ** (1989). મનોવિજ્ઞાન માપન,(દ્વિતીય આવૃત્તિ) અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
6. **દેસાઈ, કે.જી. અને આર.પી. શાહ** (1996). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
7. **પટેલ, આર.એસ.** (2015). સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (ત્રીજી આવૃત્તિ) અમદાવાદ: જય પબ્લિકેશન.
8. **દોંગા નનુભાઈ** (2007). શિક્ષણનું મનોવિજ્ઞાન. રાજકોટ: નિજ્જિન સાયકો સેન્ટર.



© 2026. This article is licensed under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0).